<u>ક્રિમિનલ ઈન્કવાયરી નંબર – 25/2026</u>

<u>–:: આંક – ૧ લગત હુકમ ::–</u>

(૧) આ કામે ફરીયાદીએ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ અન્વયેની ખાનગી ફરીયાદ સામાવાળા વિરુધ્ધ દાખલ કરેલ છે. આ કામના સામાવાળા અત્રેની કોર્ટની હકુમતની બહાર રહેતા હોઈ, તાજેતરમાં નામ. સર્વોચ્ચ અદાલતની બંધારણીય બેંચ દ્ધારા ***SUO MOTU WRIT PETITION (CRL.) NO.2/2020, Date: 16/04/2021*** ના ચુકાદામાં આપેલ ડાયરેક્શન મુજબ ફરીયાદીને સાંભળવા જરૂરી જણાતા હાલની ફરીયાદને ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૦૨ અન્વયે કોર્ટ ઈન્કવાયરીમાં રાખવામાં આવેલ.

(૨) આ તબક્કે નામ. સુપ્રિમ કોર્ટે બંધારણીય બેંચના ***SUO MOTU WRIT PETITION (CRL.) NO.2/2020 (ઉપરોક્ત)*** ચુકાદામાં નીચે મુજબનુ અવલોકન કરેલ છે,

> ***“12. .. .. .. On a holistic reading of Section 145 along with Section 202, we hold that Section 202 (2) of the Code is inapplicable to complaints under Section 138 in respect of examination of witnesses on oath. The evidence of witnesses on behalf of the complainant shall be permitted on affidavit. <u>If the Magistrate holds an inquiry himself, it is not compulsory that he should examine witnesses. In suitable cases, the Magistrate can examine documents for satisfaction as to the sufficiency of grounds for proceeding under Section 202.</u>***
>
> ***xxx xxx xxx***
>
> ***24. The upshot of the above discussion leads us to the following conclusions:***
>
> ***xxx xxx xxx***

***2) Inquiry shall be conducted on receipt of complaints under Section 138 of the Act to arrive at sufficient grounds to proceed against the accused, when such accused resides beyond the territorial jurisdiction of the court.***
***3) For the conduct of inquiry under Section 202 of the Code, evidence of witnesses on behalf of the complainant shall be permitted to be taken on affidavit. <u>In suitable cases, the Magistrate can restrict the inquiry to examination of documents without insisting for examination of witnesses</u>."***

(૩) આમ, નામ. સુપ્રિમ કોર્ટે ઉપરોક્ત ચુકાદામાં આપેલ ડાયરેકશન તેમજ ફરીયાદીની ફરીયાદ, રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા ફરીયાદના સમર્થનમાં ફરીયાદીનું ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૦૦ અન્વયેનું વેરીફીકેશનનું સોગંદનામું વંચાણે લેવામાં આવેલ છે તેમજ તાજેતરમાં કોવિડ–૧૯ અન્વયે નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ***<u>Miscellaneous Application No.21 of 2022 in Miscellaneous Application No.665 of 2021 In Suo Motu Writ Petition(C) No.3 of 2020 In Re: Cognizance for Extension of Limitation With Miscellaneous Application No.29 of 2022 In Miscellaneous Application No.665 of 2021 In Suo Motu Writ Petition(C) No.3 of 2020, Date:10-01-2022</u>*** ના રોજ કરેલ હુકમ ધ્યાને લીધો. ફરીયાદીના વિદ્વાન વકીલશ્રીની રજુઆતો સાંભળી. આ કામે ફરીયાદીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ અન્વયેની ખાનગી ફરીયાદ આરોપી વિરુધ્ધ રજુ કરેલ છે વધુમા આ કામે રજુ કરવામા આવેલ સોગંદનામાની વિગતો ધ્યાને લેવામા આવેલ છે. આ કામે દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા સામાવાળાનાઓ તેઓના ખાતાનો ચેક રજુ કરવામા આવેલ છે જે ચેક વંચાણે લેતા તે ચેકમા હાલની ફરીયાદમા જણાવેલ આરોપીની સહી છે તે ચેક સદર કામે રજુ થયેલ મેમામા જણાવેલ અપુરતા ભંડોળના કારણે પરત આવેલ હોય અને ચેક ફરીયાદીએ અત્રેની અદાલતની હકુમતમાં આવેલ બેંકમાં તેઓ દ્વારા નિભાવવામાં આવતા ખાતામાં

રજુ કરેલ છે, જે પરત થયેલ છે. જે તમામ હકીકતો ધ્યાને લેતા આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે. જેથી, હાલની ફરીયાદ ઈન્કવાયરીને ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે અને ફોજદારી કેસ રજીસ્ટરે દાખલ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા ફરીયાદીએ ફરીયાદ તથા તેની સાથે રજુ કરેલ દસ્તાવેજોની નકલ રજુ કર્યેથી આરોપીને તારીખ 27/08/2026 ના રોજનો બી.એન.એસ.એસ.ની કલમ-૨૨૭ અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબ શિક્ષાનેપાત્ર ગુન્હા સબબનો સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ, તારીખ 23 મી, માહે જુલાઈ ૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૩/૦૭/૨૦૨૬
સ્થળ: માંગરોળ

(એફ.એફ. બારડોલીવાલા)
ત્રીજા એડીશનલ ચીફ જયુડી. મેજી
જુનાગઢ. કેમ્પ - માંગરોળ
(જીજે-૦૧૨૮૬)